**ડાયરેક્ટ ❤ સે**

ઝરણાને દરિયો થવું
ક્યારેય ગમતું નથી
કારણ કે મોટા થઈને
ખારા થવું એના કરતાં
નાના રહીને મીઠા રહેવું સારું

## જન્મદિને વધામણી



**શિવશંકર દવે**
લેખક, નિવૃત્ત નાયબ સચિવ
મો. ૯૪૨૭૬ ૦૦૩૧૬



**હર્ષિલ હરેશકુમાર જોષી**
મો. ૭૯૮૪૨ ૨૩૩૫૯



**નિકુંજ મિસ્ત્રી**
મો. ૮૯૮૦૮ ૯૬૨૧૪



**યશ મનીષકુમાર પંડ્યા**
મો. ૯૭૧૪૯ ૮૬૨૯૬

### સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઇન્ડિયાની

# ‘સ્વચ્છતા હી સેવા’ મેરેથોનમાં ૧૫૦૦ દોડવીરો જોડાયા






ગાંધીનગર, તા. ૪
રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતિએ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઇન્ડિયા સાઈ સંકુલ ખાતે ‘સ્વચ્છતા હી સેવા મેરેથોન’નું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. આ મેરેથોનમાં આશરે ૧૫૦૦ જેટલા દોડવીરોએ ભાગ લીધો હતો.

‘સ્વચ્છતા હી સેવા મેરેથોન’ને સાઈના રિજીયોનલ ડાયરેકટર રાધિકા શ્રીમાને લીલી ઝંડી દર્શાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ દોડમાં ગાંધીનગરની પ્રેરણા વિદ્યાલય, સ્વામી વિવેકાનંદ સ્કુલ, ડી ફુટબોલ કલબ, ગોપાલ કન્યા વિદ્યાલય, પ્રાતાપસિંહજી હિન્દી વિદ્યાલય, જે.એમ. ચૌધરી કન્યા શાળા, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિ. તથા સવિતા ગોવિંદ અંગ્રેજી માધ્યમ સ્કૂલના વિદ્યાર્થીઓ તથા સીઆરપીએફ, સીઆઈએસએફ, ગુજરાત પોલીસ, બીએસએફ, એસઆરપી, ઈન્ડિયન આર્મી વગેરેના જવાનો તથા સાઈના કર્મચારીઓ જોડાયા હતા.

**વિજેતાઓનું સન્માન**
સ્વચ્છતા હી સેવા મેરેથોનમાં પુરુષોમાં પ્રથમ ક્રમે વિશાલકુમાર, દ્વિતિય ક્રમે સુશાન બાર્ગી તથા તૃતીય ક્રમે શરદ રોકા વિજેતા થયા હતા. મહિલા દોડવીરોમાં પ્રથમ ક્રમે સપના કશ્યપ, દ્વિતિય ક્રમે વિશાલ્યા શર્મા તથા તૃતીય ક્રમે અન્નુ જાંગરા વિજેતા થયા હતા. તમામ વિજેતાઓને ઈનામોથી નવાજવામાં આવ્યા હતા.

# વિદ્યાર્થીઓનાં સ્વપ્નની શાળા અને દેશ વિશે પ્રેઝન્ટેશન સ્પર્ધા યોજાઈ



એસ. જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં ધોરણ-પથી૮ના વિદ્યાર્થીઓમાં હાઉસ પ્રમાણે મારા સ્વપ્નનું ભારત અને મારા સ્વપ્નની શાળા વિશે પીપીટી દ્વારા સ્પર્ધા યોજાઈ ગઈ. આ સ્પર્ધામાં હાઉસ પ્રમાણે શાળા અને દેશ વિષે પોતાના વિચારો વિદ્યાર્થીઓ દ્વારા પી.પી.ટી.ના માધ્યમથી રજૂ કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં રેડ હાઉસે પ્રથમ ક્રમનું વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું.

### ગાંધી જયંતી નિમિત્તે

# ગામ સફાઈ અને ગાંધી સાહિત્ય વેચાણ





ગાંધીનગર, તા. ૪
રાષ્ટ્રીય સેવા યોજના એકમ શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખા ,ગૂજરાત વિધાપીઠ સાદરા દ્વારા સ્વચ્છતા હી સેવા સપ્તાહના અંતિમ દિવસે સાદરા ગામની સમૂહ સફાઈ, ગાંધીનગર આબકારી વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે નશાબંધી કાર્યક્રમ અને સવારે ૧૧હતી સાંજે ૫ વાગે સુધી ગાંધી સાહિત્યના વેચાણ કરવામાં આવ્યું સ્વયંસેવકોને પાંચ જૂથમાં વિભાજીત કરી આખા ગામની સમૂહ સફાઈ કરવામાં આવી હતી અને ગાંધીનગરના સેક્ટર-૨૧, સુમન ટાવર અને ઈન્ફોસિટી ક્ષેત્રમાં કુલ ત્રણ ગાંધી સાહિત્ય વેચાણ કેન્દ્ર બનાવી સ્વયંસેવકોએ ગાંધીજીનાં વિવિધ પુસ્તકોનું વેચાણ કરી ગાંધી સાહિત્ય લોકો સુધી પહોંચાડવાની સરસ કામગીરી કરી હતી. કાર્યક્રમનું આયોજન અને સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટ, ડૉ. ઉદાજી પરમાર અને ડૉ. વિજયભાઈ મકવાણાએ કર્યું હતું. સંપૂર્ણ કાર્યક્રમમાં ડીન પ્રો. જમનાદાસ સાવલીયાની પ્રેરણાદાયી ભૂમિકા રહી હતી.

## આદર્શ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ગાંધી જીવન ઝાંખીની પરીક્ષા આપી

ગાંધીનગર, તા. ૪
આદર્શ પ્રાથમિક શાળા, શાહપુર ખાતે ગાંધી જયંતિ નિમિત્તે ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ‘ગાંધી જીવન ઝાંખી’ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ ગાંધીજીના જીવનચરિત્ર વિષે માહિતગાર થાય તે હેતુથી શાળામાં આ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળા દ્વારા એક માસ અગાઉ વિદ્યાર્થીઓનાં ફોર્મ ભરીને ગૂજરાત વિદ્યાપીઠને મોકલવામાં આવ્યાં હતાં. વિદ્યાપીઠ તરફથી વિદ્યાર્થીઓને ગાંધીજીના જીવન પ્રસંગો અંગેનું જુગતરામ દવે લિખિત એક પુસ્તક આપવામાં આવ્યું હતું. આ પુસ્તક વાંચીને વિદ્યાર્થીઓએ ગાંધી જીવન ઝાંખીની પરીક્ષા આપી હતી. ૩૦ વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં ભાગ લીધો હતો.

ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને ગૂજરાત વિદ્યાપીઠ તરફથી પ્રોત્સાહન રૂપે મહાત્મા ગાંધીજીનો એક ફોટોગ્રાફ અને પ્રમાણપત્ર આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિએ ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને આ અનોખી પરીક્ષામાં ભાગ લેવા બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

### ભારત એક મહાન દેશ છે

# અહીંનાં લોકોમાં સચ્ચાઈ અને ઈમાનદારી છે



ભારત એક મહાન દેશ છે અને અહીંનાં લોકોમાં સચ્ચાઈ અને ઈમાનદારી જોવા મળે છે.

બર્માથી ભારતની મુલાકાતે આવેલા પ્રજાપિતા બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલયના સ્વયંસેવકોએ આ શબ્દોનું ઉચ્ચારણ ગાંધીનગર ખાતે કર્યું હતું. બર્માથી ૪૩ ભાવકો ગત ૨૯ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર બ્રહ્માકુમારીઝની મુલાકાતે આવ્યા હતા, જેઓ ૩ ઑક્ટોબર સુધી અહીં રોકાયા હતા. ગાંધીનગરથી વિદાય લઈ માઉન્ટ આબુ જતી વેળાએ તેમણે અહીંનાં લોકોને સાચા અને ઈમાનદાર ગણાવ્યાં હતાં અને ઉમેર્યું હતું કે અહીંના લોકોના વિચારોમાં આધ્યાત્મિકતા વધુ છે અને અહીં લોકો પારિવારિક ભાવનાથી એકમેક સાથે રહે છે. અહીંનાં લોકો વિનમ્ર છે, એમની મહેમાનગતિ વખાણવાલાયક છે અને તેઓ તહેવારો ખૂબ ધામધૂમથી ઉજવે છે એવો મત તેમણે વ્યક્ત કર્યો હતો.

પોતે બર્માથી આવ્યા હોવાથી અને અહીંનાં લોકો મુખ્યત્વે હિન્દી ભાષા સમજતાં હોવાથી વ્યવહારમાં ખાસ તકલીફ નથી પડતી એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે ભારત અને બર્મામાં મુખ્ય ફરક હોય તો તે એ છે કે જાહેર જીવનના ક્ષેત્રમાં બર્મામાં મહિલાઓ ભારતની મહિલાઓ કરતાં વધુ સક્રિય છે. બર્મામાં બ્રહ્માકુમારીઝના વ્યાપ વિશે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે અહીં બ્રહ્માકુમારીઝની પ્રવૃત્તિઓની શરૂઆત ૧૮ વર્ષ પહેલાં થઈ હતી. આજે બ્રહ્માકુમારીઝ દ્વારા સંચાલિત ૪૦ જેટલી પાઠશાળાઓ બર્મામાં કાર્યરત છે અને ૨૦૦ જેટલા સ્વયંસેવકો ઈશ્વરીય ફરજ અદા કરી રહ્યા છે. ગાંધીનગરના રોકાણ દરમિયાન આ ભાવકોએ નેચર પાર્ક, અક્ષરધામ, પાર્ટી પ્લૉટના ગરબા, અડાલજની વાવ, ગાંધી આશ્રમ, કાંકરિયા અને વૈષ્ણોદેવી મંદિરની મુલાકાત લીધી હતી અને પોતાની ગાંધીનગરની મુલાકાતને યાદગાર ગણાવી હતી.








અંધજન મંડળ, અમદાવાદ અને સંવેદના દ્વારા ૨૮ જેટલા દિવ્યાંગોની સહાયથી સમાજની અનોખી સેવા કરવામાં આવી રહી છે. જરૂરિયાતમંદ વ્યક્તિઓને આ ૨૮ સમાજભાવકો દ્વારા મદદ પહોંચાડીને ‘આપવાનો આનંદ’ પ્રાપ્ત કરવામાં આવી રહ્યો છે, જેને ‘દાન ઉત્સવ’ નામ આપવામાં આવ્યું છે. ૨૦૦૯થી આ દાન ઉત્સવની ઉજવણી નિયમિતપણે કરવામાં આવે છે. ગત વર્ષે ૪૦ શહેરોમાં ૧ કરોડ જેટલાં લોકોને આ ઉત્સવ અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા. બીજી ઑક્ટોબરથી દાન ઉત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો છે.



**ડેઈલી કરંટ**
દર્શન મારૂ
95862 87447

(૧) તાજેતરમાં દુનિયાના કયા દેશે વિશ્વના સૌથી મોટા ફ્લોટિંગ વોક-વેનું નિર્માણ કર્યું છે ?
(એ) જાપાન
(બી) ચીન
(સી) ફ્રાંસ
(ડી) અમેરિકા

(૨) કઈ ટીમે આઈસીસી મહિલા ક્રિકેટ રેંકિંગમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે ?
(એ) ઈંગ્લેન્ડ (બી) ઓસ્ટ્રેલિયા
(સી) ભારત (ડી) બાંગ્લાદેશ

(૩) બ્રિટનની સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટિસ પદે તાજેતરમાં કોણે શપથ ગ્રહણ કર્યા છે ?
(એ) સર ઈઆન જોસેફ (બી) સર ઈપોન કેમરુન
(સી) સર ઈઆની બ્રુમેટ (ડી) સર ઈઆન બ્રુનેટે

(૪) બ્રિટનની સુપ્રિમ કોર્ટના પ્રમુખપદે પહેલીવાર કઈ મહિલાએ શપથ લીધા હતા ?
(એ) થેરેસા હેલી (બી) થેમેલી કેથરીન
(સી) બ્રેન્ડી હેલી (ડી) જુલીયા કેથરીન

(૫) ભારત અને યુરોપીયન યુનિયન વચ્ચેની ૧૪મી બેઠકનું કયા શેરમાં આયોજન કરવામાં આવ્યું છે ?
(એ) પેરીસ (બી) નવી દિલ્હી
(સી) કોપનહેગન (ડી) મુંબઈ

(૬) તાજેતરમાં ભારતે કયા દેશ પાસેની બોર્ડર ક્રોસિંગ પોઈન્ટને ખુલ્લી મૂકી છે ?
(એ) બાંગ્લાદેશ (બી) નેપાળ
(સી) ભૂતાન (ડી) મ્યાનમાર

(૭) ૨૦૧૭માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કયા રાજ્યમાં એમ્સ સંસ્થાનો શિલાન્યાસ કર્યો હતો ?
(એ) હિમાચલ પ્રદેશ (બી) ઉત્તર પ્રદેશ
(સી) બિહાર (ડી) ઓડિસા

(૮) તાજેતરમાં કયા રાજ્યની સરકારે પ્રવાસનની યાદીમાંથીત તાજમહેલને દૂર કરી દીધો છે ?
(એ) ઉત્તરપ્રદેશ (બી) આસામ
(સી) પંજાબ (ડી) ઓડિસા

(૯) તાજેતરમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કયા દેશની ચાર દિવસીય યાત્રા પર ગયા છે ?
(એ) ઈંડોનેશિયા-મલેશિયા (બી) ચીન-જાપાન
(સી) જિબૂતી-ઈથોપીયા (ડી) સ્પેન-ડેનમાર્ક

(૧૦) ગાંધી જયંતિના દિવસે કયા રાજ્યને ખુલ્લામાં ખુલ્લામાં શૌચમુક્ત રાજ્ય જાહેર કરાયું છે ?
(એ) ગુજરાત (બી) દિલ્હી
(સી) પંજાબ (ડી) કર્ણાયક